Extra No. 67

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **FRIDAY, FEBRUARY 27, 2026 / PHALGUNA 8, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૬

તારીખઃ **૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૬**ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા **સન ૨૦૨૬**-ના **ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૨**નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

લતા બી. નાયક,

સરકારના નાયબ સચિવ.

GUJARAT ACT NO. 2 OF 2026.

THE SAURASHTRA GHARKHED, TENANCY SETTLEMENT AND AGRICULTURAL LANDS (GUJARAT AMENDMENT) ACT, 2026.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૨૦૨૬ના ફેબ્રુઆરી મહિનાની ૨૭-મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કે. એમ. લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 2 OF 2026.

AN ACT

further to amend the Saurashtra Gharkhed, Tenancy Settlement and Agricultural Lands Ordinance, 1949.

સન ૨૦૨૬ નો ગુજરાત અધિનિયમ ક્રમાંક. ૨.

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૨૬ના ફેબ્રુઆરી મહિનાની ૨૭મી તારીખે "ગુજરાત સરકારી રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો).

સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના સિત્તોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

ટૂંકી સંજ્ઞા.

૧. આ અધિનિયમ સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) અધિનિયમ, ૨૦૨૬ કહેવાશે.

સન ૧૯૪૯નો સૌરાષ્ટ્ર વટહુકમ ૪૧મો.

સન ૧૯૪૯ના સૌરાષ્ટ્ર વટહુકમ ૪૧માની કલમ ૭૫ નો સુધારો.

૨. સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૭૫ ને બદલે, નીચેની કલમ મૂકવી :-

તબદીલી અથવા સંપાદન ગેરકાયદેસર હોય તેવી જમીનનો નિકાલ કરવા બાબત.

"૭૫. કલેક્ટરને, આપમેળે અથવા આવી જમીનમાં હિતસંબંધ ધરાવતી કોઈ વ્યક્તિની અરજી પરથી, એમ માનવાને કારણ હોય કે,-

(ક) જેની (જમીનની) તબદીલી, પક્ષકારોના કાર્યથી અથવા કાયદાના અમલથી, આ વટહુકમની જોગવાઈઓ હેઠળ ગેરકાયદેસર હોય,

(ખ) જેની (જમીનનો) વહીવટ, સદરહુ જોગવાઈઓ હેઠળ (પોતાના હસ્તક) લેવામાં આવ્યો હોય, અથવા

(ગ) સદરહુ જોગવાઈઓ હેઠળ જેની (જમીનનો) ઉપયોગ અને ભોગવટો કરવાને, પોતે હકદાર ન હોય અને તેવી વ્યક્તિઓને (જમીન) ખાલી કરાવવા માટે, સદરહુ જોગવાઈઓથી, જોગવાઈ કરવામાં આવી ન હોય, એવી કોઈ જમીનનો અનધિકૃત રીતે ભોગવટો કરતી હોય અથવા ખોટી રીતે કબજો ધરાવતી હોય, તો

ત્યાર પછી આવી જમીનનો નીચેની રીતે નિકાલ કરવામાં આવશે:-

(૧) કલેક્ટર-એ તબદીલી કરનાર, તબદીલીથી લેનાર અથવા યથાપ્રસંગ, આવી જમીન સંપાદિત કરતી વ્યક્તિને, તબદીલી અથવા સંપાદન, ગેરકાયદેસર હોવાનું શા માટે જાહેર ન કરવું જોઈએ, તે અંગેનું કારણ દર્શાવવા નોટિસ આપવી જોઈશે અને જમીનની તબદીલી અથવા સંપાદન, કાયદેસર છે અથવા નહિ તે અંગે તપાસ યોજવી જોઈશે અને નિર્ણય કરવો જોઈશે;

(૨) આવી તપાસ યોજ્યા પછી, કલેક્ટર, એવા નિર્ણય પર આવે કે જમીનની તબદીલી અથવા સંપાદન, ગેરકાયદેસર છે, તો તેઓ તબદીલી અથવા સંપાદનને, ગેરકાયદેસર હોવાનું જાહેર કરતો હુકમ કરશે સિવાય કે આવી તબદીલી અથવા સંપાદનના પક્ષકારો, કલેક્ટર નક્કી કરે તેવી તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર, લેખિતમાં બાંયધરી આપે કે તે જમીનમાંના હક અને હિતસંબંધ સહિતની જમીન, તબદીલી અથવા સંપાદન (કર્યા) ના તરત પહેલાં, તે (જમીન) જે સ્થિતિમાં હોય તે સ્થિતિમાં પુન:સ્થાપિત કરવી જોઈશે અને જમીન તે મુદતની અંદર તેવી રીતે પુન:સ્થાપિત કરવી જોઈશે;

(૩) કલેક્ટર દ્વારા કરવામાં આવેલી જાહેરાત પરથી, (રાજ્ય સરકારમાં) જમીન નિહિત થયાની તારીખે, તેના (જમીન) પરના કાયદેસર રીતે અસ્તિત્વ ધરાવતા તમામ બોજામાંથી મુક્ત હોય તેવી જમીન, રાજ્ય સરકારમાં નિહિત થયેલી હોવાનું ગણાશે અને રાજ્ય સરકારમાં નિહિત થયેલી જમીન તરીકે તેનો નિકાલ કરવામાં આવશે.''.

સન ૧૯૪૯ના સૌરાષ્ટ્ર વટહુકમ ૪૧માની કલમ ૭૫-ક-નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૭૫-ક-માં, પેટા-કલમ (૨)ને બદલે, નીચેની પેટા-કલમ, સન ૨૦૧૫ ના ડિસેમ્બર મહિનાની ૫-મી તારીખથી અમલમાં આવે તેમ મૂકી હોવાનું ગણાશે:-

"(૨) કલેક્ટર એવા નિર્ણય પર આવે કે આવી જમીનની તબદીલી, કાયદેસર નથી, તો ત્યાર પછી, તેમણે,-

(૧) જેની તરફેણમાં આવી જમીનની કાયદેસર રીતે તબદીલી કરવામાં આવી ન હોય, તેવી વ્યક્તિ અથવા સંસ્થા પર આવી જમીનની પ્રવર્તમાન જંત્રી (કિંમતની) રકમ કરતાં ત્રણ ગણી રકમનો દંડ નાખતો; અને

(૨) જેની તરફેણમાં આવી જમીનની કાયદેસર રીતે તબદીલી કરવામાં આવી ન હોય તેવી વ્યક્તિ અથવા સંસ્થાને, આવા હુકમ (કર્યા)થી એક મહિનાની મુદતની અંદર, તે જમીનમાંના હક અને હિતસંબંધ સહિતની જમીન, આવી તબદીલીની તરત પહેલાં તે (જમીન) જે સ્થિતિમાં હોય તે સ્થિતિમાં પુન:સ્થાપિત કરવા આદેશ કરતો, તદનુસાર હુકમ કરવો જોઈશે.".

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.04.08 12:23:41 IST